**મે.અમદાવાદ ખાતેનાં મજુર અદાલત નં.૪ ના પ્રિસાઈડીંગ ઓફિસરશ્રીની કોર્ટમાં, મુ.અમદાવાદ.**

**ફોજદારી કેસ નં.૩૨૨/૨૦૨૧**
**આંક-**

**ફરીયાદી ::-** **સરકાર વતી:કું આર.પી.ભંડેરી**
સરકારી શ્રમ અધિકારી અને કોન્ટ્રાકટ મજુર
અધિનિયમ, ૧૯૭૦ અન્વયેના નિરીક્ષક
નાયબ શ્રમ આયુકતની કચેરી, બીજો માળ, શ્રમ ભવન,
ખાનપુર, અમદાવાદ.

**- : : વિરુધ્ધ : : -**

**આરોપી ::-** **શ્રી ખેવના ઘનશ્યામ ત્રિવેદી, (માલીકશ્રી)**
શ્રી નારાયણ ફેબ્રીકસ, સર્વે નં. ૪૬/૪,
સુપર્શ્વા ટેક્ષપ્રિન્ટની સામે, સુએજ ફાર્મ,
દાણીલીમડા, નારોલ-સરખેજ રોડ, અમદાવાદ

**ગુનો :** કોન્ટ્રાકટ લેબર એકટ ૧૯૭૦ અને ગુજરાત નિયમો ૧૯૭૨ હેઠળ ફરીયાદ

**-:: ઠ રા વ ::-**

---

ફરીયાદી તરફે ..જાતે હાજર
આરોપી તર્ફે .. આર.આર.શાહ

---

**-:: ઠ રા વ ::-**

(૧) નામ.ગુજરાત હાઈકોર્ટના નોટીફીકેશન નં.એ.૩૬૦૮/૨૦૧૫, તા.૨૩/૦૬/૨૦૧૭ અન્વયે ફોજદારી કેસો ચલાવવાની સત્તા સીવીલ જજ તથા જ્યુ.મેજી.ફ. ક.ને મળતા સદરહું ફોજદારી કેસ અત્રેની મજુર અદાલતમાં દાખલ થતા,સદરહું ફોજદારી કેસને ફોજદારી કેસ નં.૩૨૨/૨૦૨૧ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.

(૨) ફરીયાદપક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામનાં ફરીયાદી એ તા.૦૧/૦૧/૨૦૨૧ નાં રોજ તહોમતદાર સંસ્થાની મુલાકાત લેતા, કોન્ટ્રાકટ લેબર એકટ ૧૯૭૨ અન્વયે ના નિયમ- ૧૭(૧), ૭૪, કલમ-૨૧(૪) નો ભંગ કરેલ હોવાની ફરીયાદ અત્રે ની અદાલતમાં દાખલ કરેલ છે.

(૩) ઉપરોકત સંદર્ભની ફરિયાદ જે તે વખતે સબંધિત અત્રેની અદાલત સમક્ષ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૧૯૦(૧) (એ) મુજબ ફરિયાદીએ રજૂ કરતા સબંધિત કોર્ટ ધ્વારા ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૦(એ)વંચાણે લઈને ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુન્હાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો.

(૪) અત્રેની અદાલત ધ્વારા આ કામના આરોપી સંસ્થા તથા તેના જવાબદાર વ્યકિતઓને સમન્સ કરતા,આરોપી સંસ્થા વતી તેમના ઓથોરાઈઝડ પરર્સનશ્રી **સુજીત નટુભાઈ ડામોર** જાતે અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ છે અને તેઓનો ઓથોરીટી લેટર રજુ કરેલ છે, ત્યારબાદ તેઓને વિના મુલ્યે કેસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ,ત્યારબાદ તેઓની પ્લી લેવામાં

આવેલ, જેમાં તેઓ ગુનો કબુલ કરેલ છે અને કબુલાત પુરસીસ પણ રજુ રાખેલ છે અને તેઓનો/ સંસ્થાનો પ્રથમ ગુનો હોય દરગુજર કરવા તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહીં કરે તેવી ખાત્રી આપેલ છે અને આ તેનો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછામા ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે.

(૫) હાલના કામે તહોમતદારોના ઓથોરાઈઝડ પરર્સન શ્રી **સુજીત નટુભાઈ ડામોર** એ ગુન્હા ની કબુલાત પુરશીસ રજુ કરતા આરોપીને સમજાવવામા આવેલ કે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબલુ કરશે તો આવી કબુલાત તેઓ વિરૂધ્ધ પુરાવા તરીકે ઉપયોગમા લેવાશે, આમ છતા તેઓ તમા તોહમદાર વતી હાલનો ગુનો કબુલ કરતા હોવાનું જણાવે છે, ત્યારબાદ તમામ તહોમતદારો વતી તેમના ઓથોરાઈઝડ પરર્સન શ્રી **સુજીત નટુભાઈ ડામોર**ની પ્લી રેકર્ડ કરવામા આવતા તેમા પણ તેઓ આ કામે તહોમતદાર કંપનીના ઓથોરાઈઝડ પરર્સન તરીકે હાલનો ગુન્હો કબુલ હોવાનુ જણાવેલ છે.આમ આ કામે તહોમતદાર કંપની તેમના ઓથોરાઈઝડ પરર્સન વતી સ્વૈચ્છિક રીતે પોતાનો ગુન્હો કબુલ કરતા હોવાનુ જણાય છે.

(૬) ઉપરોકત રજુઆત તથા કેસની હકીકત ધ્યાનમાં લેતાં તમેજ આરોપીનો આ પ્રથમ ગુનો હોય અને તેને કરેલ રજુઆત મુજબ તેમના ઉપર સમગ્ર કુટુંબની જવાબદારી હોય અને આરોપીને પોતાના ગુન્હા બદલ પારાવાર પસ્તાવો થયેલ હોય આરોપી ને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામા આવેશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેવુ અત્રેની કોટર્નુ માનવુ છે.સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટટે ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં.-૭૦૯ નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં લેતાં, હાલના આરોપી વિરુધ્ધ ગુનો સાબીત થયેલ છે તેમજ તેઓની રજુઆતને ધ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**-: હુ ક મ :-**

૧) કામે આરોપી/સંસ્થાને ક્રિ.પ્રો.કો.ક.૨૫૨ અન્વયે કોન્ટ્રાકટ લેબર એકટ-૧૯૭૨ હેઠળનાં નિયમ-૧૭(૧), ૭૪, કલમ-૨૧(૪) ના ભંગ બદલ કલમ-૨૪ હેઠળ તકસીર વાન ઠરાવીને આરોપીને રૂા.૫૦૦/- × ૩ નિયમ એટલે કે, રૂા.**૧૫૦૦/- (અંકે રૂપિયા એક હજાર પાંચ સો પુરા)** નો દંડ, અને જો દડં ન ભરે તો દિન-૩૦ ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

૨) આરોપી દંડની રકમ ભરવાનો કસૂર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

૩) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

હુકમ આજરોજની નેશનલ લોકઅદાલત દરમ્યાન યોજવામાં આવેલ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૨ /૦૩/૨૦૨૨
સ્થળ : અમદાવાદ.

**( દિપક હસમુખભાઈ ખંભાતી)**
**CODE : GJ00866**
**એડિશ્નલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)**
**લેબર કોર્ટ, અમદાવાદ**